નિયામક, સમાજ સુરક્ષા ખાતું,
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
ગુજરાત રાજ્ય.
ફોન નં. ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં. ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ – મેઈલ – dir-sd@gujarat.gov.in

નં. સસુખા/અપગ/૧૬-૧૭/ ૧૩૧૧૨ તા. ૬/૧૨/૨૦૧૬

પરિપત્રઃ-

વિષયઃ- વિકલાંગો માટેની સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓની સી.સી.સી. / સી.સી.સી.⁺ પરીક્ષા આપવા બાબત.

ઉપરોક્ત વિષયના અનુસંધાને સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ અને ખાત હસ્તકની વિકલાંગ ક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના માનદ્ મંત્રીશ્રીઓને જણાવવાનું કે, ભારત સરકાર પેટર્ન હેઠળની સંસ્થાઓના કર્મચારીઓની **સી.સી.સી. / સી.સી.સી.⁺** પરીક્ષા પાસ કરવ બાબતેની રજૂઆત સંદર્ભે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે સામાન્ય વહીવટ વિભાગ પાસેથી માર્ગદર્શન માંગેલ. જે અન્વયે સામાન્ય વહીવટ વિભાગના માર્ગદર્શન મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે પત્ર ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૬/૧૮૩૮૧૧/છ-૧, તા.૧૪/૦૬/૨૦૧૬ થ સામાન્ય વહીવટ વિભાગ તરફથી મળેલ માર્ગદર્શનની અત્રે જાણ કરેલ છે. જેની નકલ આ સા સામેલ છે.

સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાં સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૨૨૯૧૧/ગ-૫ અને સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૨૨૯૧૧ (૧)/ગ-૫ અન્વ અત્રેથી પરિપત્ર ક્રમાંકઃ સસુખા/અપગ/૪૭/૯૭૪૩, તા.૨૩/૧૨/૨૦૧૫ થી ઠરાવ મુજબ કાર્યવાહી કર સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓ અને સર્વે સંસ્થાઓના માનદ્ મંત્રીશ્રીઓને જાણ કરેલ હતી.

ઉપરોકત ઠરાવ મુજબ સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ અને સ્વૈચ્છિ સંસ્થાઓના માનદ્ મંત્રીશ્રીઓએ નીચે મુજબની કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવી.

(૧) જે કર્મચારીઓએ તા.૩૦/૦૯/૨૦૦૬ પછી ફીક્સ પગારમાંથી નિયમિત પગાર ધોરણ સમાવેશ થયેલ હોય તેવા કર્મચારીઓનો બિનપગારી રજાઓનો ગાળો ઉમેરીને ફી પગારમાં નિમણૂંક તારીખથી ૫ + ૨ વર્ષમાં સી.સી.સી. / સી.સી.સી.⁺ પરીક્ષા પાસ કરી 

તેવા કર્મચારીઓને બિન પગારી રજાઓનો ગાળો ઉમેરીને ફીક્સ પગારમાં નિમણૂંક તારીખથી ૫ વર્ષે પગાર ધોરણમાં સમાવેશ કરીને ઓનલાઈન પે ફીક્સેશન કરવાનું રહે છે.

(૨) જે કર્મચારીઓ તા.30/0૯/૨00૬ પછી ફીક્સ પગારમાંથી નિયમિત પગાર ધોરણમાં સમાવેશ થયેલ હોઈ અને બિન પગારી રજાઓ ઉમેરીને ફીક્સ પગારમાં નિમણૂંક તારીખથી ૫ + ૨ વર્ષમાં સી.સી.સી. / સી.સી.સી.+ પરીક્ષા પાસ કરેલ ન હોઈ તેવા કર્મચારીઓને બિન પગારી રજાઓ ઉમેરીને સી.સી.સી. / સી.સી.સી.+ પરીક્ષા પાસ કર્યા તારીખથી પગાર ધોરણમાં સમાવેશ કરીને ઓનલાઈન પે ફીક્સેશન કરવાનું રહે છે.

(૩) જે કર્મચારીઓ તા.30/0૯/૨00૬ પછી ફીક્સ પગારમાંથી નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક થયેલ હોઈ અને બિન પગારી રજાઓ ઉમેરીને ફીક્સ પગારમાંથી ૫ + ૨ વર્ષમાં સી.સી.સી. / સી.સી.સી.+ પરીક્ષા પાસ ન કરેલ હોય તેવા કર્મચારીઓનું પગાર ધોરણ પરત કરીને તાત્કાલિક અસરથી તેઓની સેવાઓનો અંત લાવવાનો રહે છે અને સી.સી.સી. / સી.સી.સી.+ પરીક્ષા પાસ કર્યા તારીખથી પુનઃ નોકરીમાં સમાવવાના રહેશે.

(૪) તા.૧૬/0૨/૨00૬ ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ ફીક્સ પગારમાં નિમણૂંક પામેલ કર્મચારીઓએ ફીક્સ પગારમાં નિમણૂંક તારીખથી ૫ + ૨ વર્ષમાં સી.સી.સી. / સી.સી.સી.+ પરીક્ષા પાસ કરેલ ન હોય તો તેવા કર્મચારીઓને સેવાઓનો અંત લાવવાનો રહેશે. અને સી.સી.સી. / સી.સી.સી.+ પરીક્ષા પાસ કર્યા તારીખથી પુનઃ નોકરીમાં સમાવવાના રહેશે.

બિડાણઃ- તા.૧૪/0૬/૨0૧૬ નો વિભાગનો પત્ર.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાનાઃ-

(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને તાત્કાલિક ઓનલાઈન ફિક્સેશનની કાર્યવાહી કરવા અર્થે.

(૨) સર્વે સ્વૈચ્છિક સંસ્થાના માનદ્ મંત્રીશ્રીઓને.

(૩) હિસાબી અધિકારીશ્રી (ડી. પી. સેલ) શાખા પગાર બિલની ચકાસંણી કરવા અર્થે.

(૪) હિસાબી અધિકારીશ્રી (ઓડીટ ટેબલ), ૯૨-પ્લાન હેઠળની સંસ્થાઓના કર્મચારીઓના સી.સી.સી. પ્રમાણપત્રોની ચકાસણી અર્થે.

(૫) સેક્શન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, 'છ-૧' શાખાને જાણ અર્થે.

Paripatra

પરિપત્ર

નં. સસુખા/અપગ/૪૭/૧૫-૧૬/૮૭૪૩
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૬, જુના સચિવાલય,
ગાંધીનગર, તા.૨૩/૧૨/૨૦૧૫.

વિષયઃ- સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧/ગ-૫ તા.૨૩/૧૦/૧૫ તથા સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧(૧)/ગ-૫. તા.૨૩/૧૦/૧૫ ની અમલવારી કરવા અંગે.

સંદર્ભઃ- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના પત્રનં. અપગ/૧૦૨૦૧૫/૫૨૫૩૫૩/ભાગ-૨/છ-૧ તા.૧૧/૧૨/૧૫.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧/ ગ-૫ તા.૨૩/૧૦/૧૫ તથા સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧(૧) /ગ-૫. તા.૨૩/૧૦/૧૫ વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફિકસ પગારથી નિમણુંક પામેલ કર્મચારીઓએ કરારીય સમયગાળા દરમ્યાન સીસીસી પરિક્ષા પાસ કરવા બાબતનાં ઠરાવ સમાજ સુરક્ષા ખાતાની ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે કામગીરી કરતી તમામ સ્વૈ.સંસ્થાઓના કર્મચારીઓને પણ લાગુ કરવા ઉકત ઠરાવની જાણ તેમજ અમલીકરણ અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,

૧. નાયબ નિયામકશ્રી, વૃધ્ધ શાખા, સી.પી.ડી.શાખા, તમામને જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
૨. હિસાબી અધિકારીશ્રી, વડી કચેરી, વર્ગ-૧ અને વર્ગ-૨ને જાણ તેમજ જરૂરી કાર્યાવાહી સારૂ.
૩. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને ઉકત ઠરાવની જોગવાઇની અમલવારી અંગેની જરૂરી કાર્યવાહી કરવા સારુ.
૪. તમામ સમાજ સુરક્ષા ખાતાની ગ્રાન્ટ ઇન એઇડ સ્વૈ.સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓને અમલીકરણ અંગેની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

પત્ર ક્રમાંક :- અપગ/૧૦૨૦૧૬/૧૮૩૮૧૧/છ-૧
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૪ /૬/૨૦૧૬.

પ્રતિ,

નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વિષય :- વિકલાંગો માટેની સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સીસીસી પરીક્ષા આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિકલાંગો માટે કામ કરતી સંસ્થાઓના કર્મચારીઓની નિમણૂંક ૨૦૦૬ પહેલા થયેલ હોઈ, સીસીસી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા બાબતની રજુઆત પરત્વે અત્રેથી સા.વ.વિભાગનું માર્ગદર્શન માંગેલ.

૨/- સા.વ. વિભાગે તેમના તા.30/૯/૨૦૦૬ના ઠરાવને ટાંકીને જણાવેલ છે કે આ કેસના કર્મચારીઓ ફિક્સ પગારમાં ભલે વર્ષ ૨૦૦3/0૪/0૫ દરમ્યાન નિમણૂંક પામેલા હોય, પરંતુ તેઓની પાંચ વર્ષની સેવાઓ બાદ ; નિયમિત નિમણૂંક કે પુરો પગાર આપવાનો તબક્કો જો તા.30/૯/૨૦૦૬ના નિયમો અમલમાં આવ્યા બાદ આવતો હોય તો તેવા કેસોમાં સબંધિત કર્મચારીઓએ નિયમાનુસાર સીસીસી / સીસીસી પ્લસ પરીક્ષા પાસ કરવાની રહે છે.

૩/- આમ, આ કેસમાં જે કર્મચારીઓ તા.30/૯/૨૦૦૬ પહેલા નિમણૂંક પામેલા હોય, પરંતુ ઉપર પેરા-૨ માં દર્શાવ્યા મુજબ તે દરેકે પણ લાગુ પડતી સીસીસી / સીસીસી પ્લસ પરીક્ષા અનિવાર્ય રીતે પાસ કરવાની રહે છે, અને પરીક્ષા પાસ કરવાના નિયમો પ્રમાણે તેમનો પગાર ફિક્સ કરવાનો રહે છે, આથી તે મુજબ કાર્યવાહી કરવા વિનંતી છે.

૪/- ઉક્ત કર્મચારીઓને તેમની નિમણૂંકની તારીખથી તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીના સમયનો પગાર નોશનલ આપવાનો સરકારશ્રીએ સહાનુભૂતિપૂર્વક નિર્ણય કરેલ છે, તે સમયગાળાનું એરીયર્સ રોકડમાં આપવા તેમણે તા.૧૭/૫/૨૦૧૬ના પત્રથી ફરીથી માંગણી કરેલ છે, તેના સંદર્ભમાં અગાઉ લેવાયેલ નિર્ણય મુજબ આ કેસ નામ. સુપ્રિમ કોર્ટ ખાતે પડતર હોઈ, હાલના તબક્કે અત્રેથી કોઈ પુન: વિચારણા કરવાની રહેતી નથી, તેની નોંધ રાખવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એલ.એલ.ભગોરા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

17 JUN 2016

નકલ જાણ અર્થે રવાના :-

(૧) સંયુક્ત સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સંયુક્ત સચિવશ્રી (મહેકમ), સા.વ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) અંગત સચિવશ્રી,
માન. મંત્રીશ્રી, સા.ન્યા. નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં- ૧, સચિવાલય, ગાંધીનગર.

(૫) સે.અ.શ્રી, છ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) મહામંત્રી, (આર.પી.એ.ડી. ધ્વારા)
શ્રી અખિલ ગુજરાત વિકલાંગ સંસ્થા કર્મચારી એસોસીએશન,
બી-૫૦, આયોજન નગર સોસાયટી, સેંટ ઝેવીયર્સ હાઈસ્કૂલની બાજુમાં,
મુ.તા. કલોલ, જિ.ગાંધીનગર.

(૭) સીલેક્ટ ફાઈલ.